# પૂજ્ય લાલચંદભાઈના પ્રવચનો
# પ્રવચન નંબર : LA ૩૩૬
# શ્રી નિયમસાર ગાથા ૪૯-૫૦ તથા કળશ ૭૩
# રાજકોટ, તા. નવેમ્બર ૧૯૮૭

Version 1

શ્રી નિયમસારજી પરમાગમ શાસ્ત્ર છે. એનો શુદ્ધભાવ અધિકાર. અર્થાત્ શુદ્ધાત્માનો અધિકાર અથવા ઉપાદેયનો અધિકાર છે. આત્મા ઉપાદેય છે એવો આત્મા, આત્માને ઉપાદેય છે એવો અધિકાર છે. એની ગાથા ૪૯ પૂરી થઈ એના પછીનો એક શ્લોક છેસમયસારનો એ આવે છે.

**જોકે વ્યવહારનય આ પ્રથમ ભૂમિકામાં જેમણે પગ મૂક્યો છે. એવા જીવોને, અરેરે! હસ્તાવલંબરૂપ ભલે હોય,** શું કહે છે? જોકે વ્યવહારનય એટલે ગુણ-ગુણીનો ભેદ, જ્ઞાન તે આત્મા, દર્શન તે આત્મા, એમ પ્રથમ અનુભવ પહેલા, અનુમાનમાં શુદ્ધાત્માનો નિર્ણય કરવાની ભૂમિકા જ્યારે હોય ત્યારે ભલે એ વ્યવહારનયનું અવલંબન લઈને નિશ્ચય સુધી નિર્ણય કરે. તો પ્રથમ ભૂમિકામાં જેમણે પગ મૂક્યો છે એટલે જેને સમ્યગ્દર્શન પ્રાપ્ત થવાનો કાળ પાકી ગયો છે, એવા જીવને પ્રથમ જ્ઞાન તે આત્મા, દેખે તે આત્મા, જાણે તે આત્મા, એના દ્વારા એ દલીલ કરે છે એવા જીવોને પણ, **અરેરે! હસ્તાવલંબરૂપ ભલે હોય.**

જેમ સીડી ઉપર ચડતાં, ચડી ન શકાતું હોય તો ટેકો લે છે. ચૌદ પગથિયાની સીડી, ટેકો લે છે પણ એ ટેકા લઈને પણ ટેકો છોડીને આગળ વધે છે. ટેકો છોડવા માટે છે. ટેકો લઈને ટેકા પાસે ઊભો રહે તો આગળ વધે નહીં. એમ, જે શુદ્ધાત્માના સ્વરૂપને જાણતો નથી એવો અનાદિનો અજ્ઞાની જીવ, પ્રથમ ભૂમિકામાં ભલે જાણે તે આત્મા, દેખે તે આત્મા, જાણનાર આત્મા છે કરનાર નથી. જાણનારો જણાય છે, એવા ભેદથી ભલે નિર્ણય કરે પણ અરેરે! આહાહા! અને હસ્તાવલંબ તુલ્ય ભલે કહ્યો હોય; ટેકારૂપ ભલે વ્યવહારનયને નિશ્ચય સુધી પહોંચવા કહ્યો હોય, **તોપણ, જે જીવો ચૈતન્યચમત્કાર માત્ર, પરથી રહિત એવા પરમ પદાર્થને અંતરંગમાં દેખે છે.**

એ ભેદનું લક્ષ છોડીને અભેદમાં જાય છે. એવા જીવને એ વ્યવહારનય કાંઇ પ્રયોજનવાન નથી. **વ્યવહારનય કાંઇ નથી.** એટલે અભેદની દ્રષ્ટિમાં ભેદ દેખાતો નથી. ભેદ દ્વારા નિર્ણય થાય છે. પણ ભેદ દ્વારા આત્માનો પ્રત્યક્ષ અનુભવ થતો નથી. ભેદ દ્વારા જેમકે, જીવવસ્તુ ઉપયોગ લક્ષણ વડે જીવને જાણે છે. એમ જ્ઞાન દ્વારા આત્મા જણાય છે. એવો ભેદ ભલે પ્રથમ આવ્યો પણ જ્યાં એ સાક્ષાત્ અભેદનો અનુભવ થાય છે, ત્યાં એ ભેદનું લક્ષ છૂટી અભેદ થઈ જાય છે.

ત્યારે અરે! અરે! ખેદની વાત છે કે જ્યારે આત્મા પ્રત્યક્ષ અનુભવ કરે છે ત્યારે વ્યવહારનય કાંઇ નથી. એટલે વ્યવહારનું લક્ષ છૂટી જાય છે. ભેદનું લક્ષ છૂટી અભેદનું લક્ષ થાય છે. અરેરે! ખેદની વાત છે! ખેદ, આહાહા! આ ભેદ દ્વારા અભેદનું અનુમાન કરવું એ ખેદ છે, એ સારું નથી. ઉપયોગમાં ઉપયોગ છે એ ખેદની વાત છે. રાગમાં તો આત્મા છે નહીં, દેહમાં તો આત્મા છે નહીં, એ તો વ્યવહાર જ નથી. આહાહા! એમાં તો નિશ્ચયસ્વરૂપનું અનુમાન પણ થતું નથી. એમાં તો અજ્ઞાન

દ્રઢ થઈ જાય છે. પણ ઉપયોગમાં ઉપયોગ છે, અને ઉપયોગમાં ક્રોધાદિ નથી, એવા ભેદજ્ઞાનનો વિચાર કરી, ભેદ દ્વારા અભેદનું અનુમાન કરે છે અરેરે! એ પણ ખેદની વાત છે.

એ પણ વિકલ્પ છે, એમાં આત્માનો અનુભવ નથી. પણ એ ભેદનું લક્ષ છોડીને, જ્યારે પ્રત્યક્ષ જ્ઞાયક ચિદાનંદ ભગવાન આત્માને અંતરમાં દેખે છે, ત્યારે તે સમયે વ્યવહારનય કાંઇ નથી. એટલે કે ભેદનું લક્ષ છૂટી જાય છે, આહાહા! **તોપણ જે જીવો ચૈતન્યચમત્કારમાત્ર, પરથી રહિત** અને પરિણામથી રહિત. પરિણામ માત્ર પર છે, પરભાવ છે અને પરદ્રવ્યો છે, અહાહા!. 'આ જ્ઞાન તે આત્મા' એ જ્ઞાન પરદ્રવ્ય છે. એ જ્ઞાન પર્યાય પણ પરદ્રવ્ય છે અને ગુણ એ પણ પરદ્રવ્ય છે. કેમકે ગુણીમાં ગુણનો ભેદ કર્યો તો તેને પરદ્રવ્ય કહેવામાં આવે છે.

૨૫૨ માં આવ્યું છે. શું કહ્યું? કે ઉપયોગમાં ઉપયોગ છે એટલે જ્ઞાનની પર્યાયમાં આત્મા છે, એ તો પર્યાય છે, એ પર્યાયથી તો આત્મા રહિત છે. પણ જ્ઞાન તે આત્મા, એવો ગુણનો ભેદ કરે છે એમાં પણ આત્માનો અનુભવ થતો નથી. એ પણ વિકલ્પ છે. અરે! અરે! પણ સીધો અનુભવ થતો નથી એટલે આત્માર્થી જીવને, મોક્ષાર્થી જીવને, સમ્યક્ સન્મુખ જીવને આટલો ભેદ દ્વારા અભેદના નિર્ણયનો કાળ આવે છે. તો પણ જ્યારે અભેદમાં પહોંચે છે, આહાહા! ત્યારે જ્ઞાન તે આત્મા એવા ભેદ અને ભેદના લક્ષવાળો વિકલ્પ અને ઇન્દ્રિયજ્ઞાન, અનુમાન જ્ઞાન, માનસિક જ્ઞાનનો અભાવ થઈને અનુભવ થાય છે, આહાહા! તે સમયે વ્યવહારનય કાંઇ નથી, આહાહા!

તે સમયે વ્યવહારનય કાંઇ નથી અને જ્યાંસુધી અભેદમાં ન પહોંચે ત્યાંસુધી ભેદની અધિકતા ન હોય. જ્ઞાન તે આત્માનો વિચાર આવે પણ સમજે કે જ્ઞાન તે આત્મા નથી. જ્ઞાનગુણ પણ પરદ્રવ્ય છે અને જ્ઞાન ઉપયોગ પણ પરદ્રવ્ય છે. એ ક્યાં લખ્યું હશે? કે જ્ઞાનગુણ પરદ્રવ્ય છે એ ૨૫૨ કળશમાં લખ્યું છે, કળશ ટીકાકારે. અને ઉપયોગ પરદ્રવ્ય છે એ ક્યાં લખ્યું છે? કે ૫૦ નંબરની ગાથામાં હમણાં આજ આવવાનું છે, આહાહા!

પર્યાય માત્ર પરદ્રવ્ય છે. આવશે હમણાં. એ ગુણભેદ અને પર્યાયભેદને ઓળંગી અને અભેદ, સામાન્ય, ટાંકોત્કીર્ણ, આહાહા! એ દ્રષ્ટિમાં જ્ઞાયક અભેદ સામાન્ય જણાય છે, બીજું કાંઇ હવે જણાતું નથી. એ સમયે જયારે આવે છે ત્યારે ભેદરૂપ વ્યવહાર હોતો નથી. એટલે વ્યવહાર કાંઇ છે નહીં. વ્યવહારનો લોપ થઇ ગયો. કે વ્યવહારનો લોપ કરો છો? કે હાં! (વ્યવહારનો) લોપ કર તો નિશ્ચયની પ્રાપ્તિ થઇ જશે. જ્યાંસુધી વ્યવહારમાં ઊભો રહીશ ત્યાંસુધી નિશ્ચય હાથમાં નહીં આવે. લોપ કરો છો? કે હાં! સર્વજ્ઞ ભગવાને લોપ કરવાનું કહ્યું છે. એમ લખે છે વ્યવહારનય કાંઇ નથી. અનુભવના કાળે ભેદનું લક્ષ છૂટી જાય છે. એ કળશ થયો.

હવે બીજો કળશ, આહાહા! આ પાંચ નંબરના કળશમાં કળશ ટીકાકારે આ ભેદ દ્વારા અભેદનું અનુમાન થાય છે, એ વાત એણે લીધી છે. કળશ ટીકાકારે પાંચ નંબરના કળશમાં એમ લીધું છે. દેહ તે આત્મા અને રાગ તે આત્મા એ તો છે જ નહીં વાત. એ તો સ્થૂળ બિલકુલ જે અજાણ હોય તત્ત્વનો, એના માટે મોક્ષમાર્ગ પ્રકાશક કર્તાએ પણ લીધું છે. અને લઈ શકાય છે. પણ જ્યારે અધ્યાત્મની વાતમાં આવ્યો ત્યારે ગુણ અને ગુણીનો ભેદ તેટલો વ્યવહાર છે. રાગ અભેદનો ભેદ નથી, માટે રાગ આત્માને અનુભવમાં તો કામ નથી આવતો પણ અનુમાનમાંએ કામ નથી આવતો.

આહાહા! કેમકે રાગ તો જડ છે. જડ દ્વારા આત્માનું અનુમાન ન થાય. જ્ઞાન દ્વારા આત્માનું અનુમાન થાય. અનુભવ વખતે ગુણભેદ પણ દેખાતો નથી. વ્યવહારનય કાંઇ નથી, આહાહા! વ્યવહારનય છે જ નહીં, આહાહા!

હવે, ૭૩ નંબરનો કળશ. ટીકાકાર પોતે કહે છે. હવે ઓલો અમૃતચંદ્રાચાર્યનો શ્લોકનો આધાર આપે છે. સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં પાંચમા શ્લોક દ્વારા, લ્યો! આ એ જ શ્લોક છે. પાંચમો શ્લોક. ...એ જ નીકળ્યો. પાંચમો શ્લોક સમયસારમાં છેને? એ જ છે. પણ એનો વધારે સારો અર્થ ખોલ્યો છે. કળશ ટીકાકારે. સારો અર્થ કર્યો છે.

મુમુક્ષુ:- એમાં લીધું છે, ગુણ ગુણીનો ભેદ એ જ્ઞાન ઉપજવાનું એક અંશ છે.

ઉત્તર:- અંશ છે. અંગ છે-અંગ છે. તો પણ અનુભવકાળમાં કાંઇ નથી. એ કળશ, જ્યારે બાબુભાઇ ફતેહપુરવાળા સંઘ લઈને દક્ષિણમાં ગયા હતા અને ગુરુદેવ ત્યાં બેંગલોર પધાર્યા, ત્યારે હું પણ ત્યાં હતો બેંગલોર પ્રતિષ્ઠા વખતે, ત્યારે આખો સંઘ આવ્યો તો અને સવારના બાબુભાઇએ કહયું કે તમે આ કાંઈક લ્યો સવારના, કલાક, કારણ કે અહીંયા પ્રવૃત્તિ તો બીજી કાંઇ હોય નહીં.

એટલે ગુરુદેવના વ્યાખ્યાન પછી મેં આ પાંચમો કળશ લીધો હતો. એ પાંચમો કળશ લીધો ત્યારે હીરાભાઈ દહેગામવાળા બોલ્યા, કે જાત્રા, આટલો ટાઈમ જાત્રા પછી આજે સંતોષ થયો. પાંચમો કળશ. કળશ ટીકામાંથી લીધું હતું. 'ગુણ-ગુણીનો ભેદ પણ એ જ્ઞાન ઉપજવાનું એક અંગ છે.' વ્યવહાર – વ્યવહાર અંગ, આહાહા! એ વ્યવહાર છે. રાગ ને દેહ ને કર્મ, એતો વ્યવહાર છે જ નહીં કેમકે એ જાત જુદી છે, કજાત છે.

મુમુક્ષુ:- એ તો ભિન્ન વસ્તુ છે.

ઉત્તર:- એ તો ભિન્ન વસ્તુ છે. એ તો જડ છે. જડમાં ચેતનનું અનુમાન ક્યાંથી થાય? અનુભવ તો ન થાય પણ અનુમાન ન થાય. અનુમાન થાય, ગળી તે સાકર, ધોળી તે સાકર, પીળું તે સોનું. એના દ્વારા સોનાનું અનુમાન થઈ શકે. એમ જ્ઞાન તે આત્મા, જાણે તે આત્મા, દેખે તે આત્મા, આહાહા!

'**जानुं मैं जाननहारा**' **देखू मैं देखनहारा**, એટલો ભેદ આવે એ પણ અનુભવના કાળે વ્યવહાર કાંઇ છે જ નહીં, આહાહા! **૭૩ નંબરનો કળશ,** બોલો બેન.

**शुद्धनिश्चयनयेन विमुक्तौ**
**संसृतावपि च नास्ति विशेषः ।**
**एवमेव खलु तत्त्वविचारे**
**शुद्धतत्त्वरसिकाः प्रवदन्ति ।।७३।।**

૪૮ નંબરની ગાથાનો જે આપણે જે સ્વાધ્યાય થયો કે સંસારી જીવ અને સિધ્ધ જીવમાં કાંઇ તફાવત નથી એનો લગતો જ આ એક કળશ છે.

**શુધ્ધનિશ્ચયનયથી** એટલે જ્ઞાનને અંતરમાં વાળીને શુધ્ધ આત્માને જ્યારે જોવામાં આવે છે ત્યારે,આહાહા! મારામાં અને સિધ્ધમાં કાંઇ તફાવત મને લાગતો નથી, આહાહા! શાસ્ત્ર સન્મુખના

જ્ઞાનથી તફાવત લાગશે. વિકલ્પથી તફાવત લાગશે. ઇન્દ્રિયજ્ઞાનથી તફાવત લાગશે. અનુમાનમાં ઊભો રહેશે તો તફાવત લાગશે. પણ શુધ્ધ નિશ્ચયનયથી એટલે જ્ઞાનને અંદરમાં વાળીને, એ ઉપયોગને ઉપયોગમાં જોડતાં શુધ્ધઉપયોગ થાય, ઉપયોગને ઉપયોગમાં જોડતાં, ઉપયોગમાં ઉપયોગ તો છે, પણ ઉપયોગને ઉપયોગમાં જ્યારે જોડી દયે છે, ત્યારે શુધ્ધ ઉપયોગની દશા થઈ, ત્યારે શુધ્ધ નિશ્ચયનયથી જોવામાં આવે તો જોઉં છું મારા આત્માને, તો મારામાં અને સિધ્ધમાં કાંઇ તફાવત અત્યારે મને લાગતો નથી, આહાહા!

જેવો સિધ્ધનો આત્મા, તેવો મારો આત્મા, અને જેવો નિગોદમાં, એવો સિધ્ધમાં, અને એવો મારામાં, કાંઇ તફાવત નથી. કાલે બોલ્યા તા શ્લોક, આહાહા! નિગોદ મંજાર, શું?

મુમુક્ષુ:- **जो निगोद में सो ही मुझमें सो ही मोक्ष मँझार, निश्चय भेद कछु है नाहीं, भेद गिने संसार।**

ઉત્તર:- **कछु है नाहीं, भेद गिने (संसार)।** નિગોદમાં, સિધ્ધમાં અને પોતામાં ભેદ નથી, છતાં ભેદ ગણે તો સંસાર, એટલે મિથ્યાત્વ, અજ્ઞાન, આહાહા! ત્રણે જગ્યાએ આત્મા તો ચિદાનંદ જ્ઞાયક પરમાત્મા બિરાજમાન છે. એ કહે છે. **શુધ્ધનિશ્ચયનયથી** એટલે અંતર્મુખ જ્ઞાયક તરફ નજર કરીને, ઉપયોગમાં ઉપયોગને જોડીને, એકાગ્ર થઈને શુધ્ધ ઉપયોગ દશા પ્રગટ થાય એવી દશામાં જોવામાં આવે તો મુક્તિમાં, મોક્ષમાં, તેમજ સંસારમાં, આહાહા! તફાવત નથી. એ બે પર્યાયનો તફાવત છે પણ બેયની પર્યાયમાં શુધ્ધાત્મા છે, એમાં તફાવત નથી, આહાહા!

સોનાના બે ઘાટ હોય સોનાના, એક બંગડી અને એક હાર. પણ એ બંગડીનો ઘાટ અને હારનો ઘાટ ન જુઓ તો બેયમાં સોનું-સોનું જ છે, ઘાટ દેખાતો નથી. એમ ભગવાન આત્મામાં દ્રષ્ટિ અંદરમાં ગઈ, મારામાં અને મોક્ષમા કાંઇ મને તફાવત નથી. કેમકે અભેદના લક્ષ જતાં પોતાના પરિણામનો ભેદ દેખાતો નથી અને સિધ્ધ પર્યાયનો ભેદ પણ દેખાતો નથી. બેય સરખા છે, આહાહા! સિધ્ધ પરમાત્મા, એનો આત્મા અને મારો આત્મા બેય સરખા છે. એના જેવો હું છું પછી મારા જેવા એ છે.

એના જેવો હું છું પ્રથમ, નિમિત્ત નમૂનો. હે ભગવાન! આપના જેવો જ મારો સ્વભાવ છે. અને જ્યાં અનુભવ કર્યો અને અનુભવની બહાર નીકળ્યો અરે! મારા જેવા આપ છો. આપના જેવો હું નહીં. જેવો મારો આત્મા છેને એવા આપ છો. ઉપાદાનનું જોર જોઇ લેજો. નિમિત્ત ગૌણ થઇ ગયું. પહેલા નિમિત્તની મુખ્યતાથી, આહાહા! બાળક હતો, ત્યાં સુધી, અનુભવ નહોતો ત્યાં સુધી પ્રભુ! જેવા આપ પરમાત્મા છોને એવો હું છું, આહાહા! પછી જ્યાં અનુભવ થયો, અરે! આહાહા! આજ તો મને, આપના જેવો અનુભવ થયો તો હું જેવો છું એવા આપ છો, આહાહા! આખી વાત ફરી.

**'શુધ્ધ નિશ્ચયનયથી મુક્તિમાં જ તેમજ સંસારમાં તફાવત નથી;'** તફાવત ગિને સંસારી, તફાવત ગિને તે (સંસારી). શું કહો છો? આ નિગોદમાં અને સિધ્ધના આત્મામાં કાંઇ તફાવત નથી? આત્મામાં તફાવત નથી, એમ અમે કહીએ છીએ. અમારી વાત ધ્યાન દઈને જરા સાંભળ. પર્યાયમાં તફાવત નથી, એમ અમે કહેતા નથી. તું સાંભળતો જ નથી. અમે પર્યાયમાં તફાવત નથી એવું અમારી વાણી ક્યાં નીકળી? અમે કહીએ છીએ કે બેયના આત્મામાં તફાવત નથી, આહાહા!

અનાત્મામાં ભલે તફાવત હોય પણ આત્મામાં તફાવત નથી.

પરદ્રવ્યમાં ભલે તફાવત હો, પણ સ્વદ્રવ્યમાં તફાવત નથી. આહાહા! સિદ્ધની પર્યાય પણ પરદ્રવ્ય અને અહીંની પર્યાય પણ પરદ્રવ્ય. પરદ્રવ્યમાં ભલે તફાવત હોય પણ સ્વદ્રવ્યમાં મને અને એને તફાવત નથી. તફાવત ગિને એટલે સંસારી. સામાન્યને જોને? અહીંનું સામાન્ય અને ત્યાંનું સામાન્ય બેય સરખું છે. પછી જરાક જ્ઞાન લંબાવીશ તો પર્યાય પણ તને સરખી દેખાશે, આહાહા! **શુદ્ધનયથી મુક્તિમાં તેમ જ સંસારમાં તફાવત નથી. આમ જ ખરેખર, તતત્ત્વ વિચારતાં** એટલે **તતત્ત્વ**નો અનુભવ કરતાં, વિચારતાં એટલે અનુભવ, 'કર વિચાર તો પામ' જ્ઞાન વિચાર એટલે જ્ઞાન, અતીન્દ્રિય જ્ઞાન. વિચાર એટલે માનસિક જ્ઞાન નહીં.

**તતત્ત્વ વિચારતાં (-પરમાર્થ વસ્તુ સ્વરૂપનો વિચાર અથવા નિરૂપણ કરતાં),** અથવા અનુભવ કરતાં, **શુદ્ધ તતત્ત્વના રસિક પુરુષો કહે છે. ૭૩.** મારામાં અને મુક્તિમાં તફાવત નથી. જેવો મારો આત્મા છે, આહાહા! બે પ્રકારના સોના છે. એક બંગડીનો અને એક પોંચીનો. બેયમાં સોનામાં તફાવત નથી. પણ તફાવત દેખાય છેને? તું એકવાર મારી વાત સાંભળ, કે સોનામાં તફાવત નથી. મેં એમ ક્યાં કહ્યું કે ઘાટમાં તફાવત નથી. તું ઘાટને સોનું માની રહ્યો છો. અમે તો કહીએ કે સોનામાં ઘાટ હોય નહીં તેથી બેય સોનું સરખું છે. ઘાટને ન જો. સોનાને સામાન્યને જો બેયમાં, આહાહા!

મુમુક્ષુ:- કેમકે ઘાટ તે સોનું નથી.

ઉત્તર:- નથી, આહાહા! **(-પરમાર્થ સ્વરૂપ વિચાર કરતાં, નિરૂપણ કરતાં) શુદ્ધ તતત્ત્વના રસિક પુરુષો,** આહાહા! શુદ્ધાત્માના રસિલા, અનુભવી પુરુષો, આમ કહે છે કે અમારામાં અને સિદ્ધમાં કોઈ તફાવત નથી. હે ભવ્ય આત્માઓ! તમે તમારી પર્યાયને અને સિદ્ધની પર્યાયને ન જુઓ. તમારી પર્યાય ગૌણ કરો અને એની પર્યાય પણ ગૌણ કરો, તો બેયનો આત્મા સમાન સિદ્ધ જેવો અત્યારે બિરાજમાન છે.

લ્યો! આટલી વાત થઈ. હવે ૫૦ નંબરની આવે છે, ગાથા ઊંચામાં ઊંચી છે. આહાહા! આ વખતનું કલોસન્ગ (closing) થાય છે. બે મહિના થયા. આપણે, પરમ દિવસે જવાનું છે, એટલે હરખજમણ છે, હરખજમણ. બે મહિના પછી હરખજમણ આવે છે. આહાહા! હરખજમણ કહેવાયને? અહાહા! હરખજમણમાં બદામનો મેસૂબ, લોટનો મેસૂબ નહીં ને અડદિયા જામનગરના નહીં, આહાહા! શારદાબેનનો મેસૂબ નહીં, લોટનો ચણાનો. આ તો બદામના મેસૂબની અત્યારે વાત ચાલે છે. ઇ મેસૂબ બનાવીને લઈ આવે છે ને આ અડદિયા લાવે છે... આહાહા!

પ્રભુ સાંભળ! તારા ભવના અંતની વાત હું કરું છું. ધ્યાન દઈને સાંભળજે. તું પર્યાય પર નજર રાખીશ, તો આ નહીં સમજાય તને. પર્યાયને ગૌણ કર. પર્યાયને પર્યાયમાં રહેવા દે. પર્યાયની અસ્તિ પણ મારામાં નાસ્તિ. એવી મારી અસ્તિ. અસ્તિ ઉપર આવી જાને. અસ્તિની મસ્તી તને, આહાહા! એવી ૫૦ નંબરની ગાથા, બદામના મેસૂબની. હરખજમણની ગાથા આવે છે.

**पुव्वुत्तसयलभावा परदव्वं परसहावमिदि हेयं।**

**सगदव्वमुवादेयं अंतरतच्चं हवे अप्पा।।५०।।**

**પૂર્વોક્ત ભાવો પર-દરવ પરભાવ, તેથી હેય છે;**
**આત્મા જ છે આદેય, અંતઃતત્ત્વસ્રૂપ નિજદ્રવ્ય જે.૫૦.**

આહાહા! એક શુદ્ધાત્મા ઉપાદેય છે. બાકી બધા પરભાવો હોવાથી પરદ્રવ્ય છે, પ્રભુ!

**અન્વયાર્થ**:- **પૂર્વોકત સર્વ ભાવો,** આહાહા! ચાર ભાવો મુખ્યપણે, ઉદય, ઉપશમ, ક્ષય, અને ક્ષયોપશમ, અહાહા! એ, **પૂર્વોકત સર્વ ભાવો પરસ્વભાવો છે**. આત્મસ્વભાવો નથી. આત્માનો સ્વભાવ નથી. પરિણામને પરસ્વભાવ કહે છે. અને ત્રિકાળી દ્રવ્યને સ્વસ્વભાવ કહે છે. અને પર પર્યાયો પરસ્વભાવ હોવાથી, એ **પરદ્રવ્ય છે**, આહાહા! અને **પરદ્રવ્ય છે તેથી હેય છે**. પરસ્વભાવ છે, પરભાવ છે, પરભાવ હોવાથી પરદ્રવ્ય છે, પરદ્રવ્ય હોવાથી હેય છે. એનું લક્ષ કરવા યોગ નથી. હેય છે એનો અર્થ શું? કે એનું જાણવું બંધ કરી દે, આહાહા!

પરિણામ છે પણ પરિણામની સામે જોવાનું બંધ કરી દે, એનું નામ હેય. એ પર્યાયને કટકો કરીને અલોકમાં પાર્સલ કરી દેવો પોષ્ટ ઓફિસમાં જઈને, એમ નથી કહેવાનો આશય. પરિણામને પરિણામમાં રહેવા દે, આહાહા! પરદ્રવ્યને પરદ્રવ્યમાં રહેવા દે અને સ્વદ્રવ્યનું અવલંબન લઈ લે, આહાહા! દેહને દેહમાં રહેવા દે. કર્મને કર્મમાં રહેવા દે, એ તો સ્થૂળ. પણ પરિણામ જે પ્રગટ થાય છે સમયે-સમયે, એ પ્રગટ થાય છે એ પરભાવ છે. અને પ્રગટ થાય છે માટે તે પરદ્રવ્ય છે. અને જે પ્રગટ છે તે સ્વદ્રવ્ય છે, આહાહા! એક પ્રગટ છે અને અનેક ભાવો પ્રગટ થાય છે. પ્રગટ થાય ને નાશ થાય-પ્રગટ થાય ને નાશ થાય-પ્રગટ થાય ને નાશ થાય અને એક પ્રગટ છે-છે-છે-છે, અવિનાશી. આહાહા!

**તેથી હેય છે. અંતઃતત્ત્વ એવું સ્વદ્રવ્ય** લ્યો! પરદ્રવ્ય અને સ્વદ્રવ્યની વહેંચણી. સ્વદ્રવ્ય અને પરદ્રવ્યની વહેંચણી, વિભાવ, આહાહા! **અંતઃતત્ત્વ એવું સ્વદ્રવ્ય-આત્મા-ઉપાદેય છે.** એ સાતે તત્ત્વના સમૂહને પરદ્રવ્ય કહ્યું હતું. તો કાઢો ૩૮મી ગાથા. જરા જોઈ લઈએ. આની સાથે મેળવવા જેવી છે? ૩૮ ને ૫૦ બેય ગાથામાં માલ બધો ભર્યો છે, આહાહા! **જીવાદિ બાહ્યતત્ત્વ હેય છે;** આહાહા! **જીવાદિ બાહ્યતત્ત્વ હેય છે; કર્મોપાધિજનિત ગુણપર્યાયોથી વ્યતિરિકત** રહિત **આત્મા આત્માને ઉપાદેય છે.** આહાહા!

ટીકાકાર કહે છે:- **જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ પરદ્રવ્ય હોવાને લીધે,** મોક્ષની પર્યાય પરદ્રવ્ય છે. તારો શુભભાવ તો ક્યાંયનો ક્યાંય રહ્યો, આહાહા! આ જાત્રા અને ભગવાનની પુજા અને દાન અને શિયળ(-શીલ) અને તપ અને બ્રહ્મચર્ય અને સામાયિક અને પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન અને આલોચના આહાહા! એતો શુભભાવ છે, પ્રભુ! એતો શુભભાવ તો પરદ્રવ્ય છે, હેય છે. પણ સંવર, નિર્જરા અને મોક્ષની પર્યાયના જે ભેદો ઉત્પન્ન થાય છે, એ પણ, આહાહા! બહિર્તત્ત્વ હોવાને કારણે પરદ્રવ્ય છે અને પરદ્રવ્ય હોવાને કારણે ઉપાદેય નથી, એટલે હેય છે, આહાહા! કુંદકુંદ ભગવાને હેય કહ્યું આણે કહ્યું ઉપાદેય નથી. એકની એક વાત.

હેય છે એમ કહ્યું, જુઓ! છેને ૩૮ મી ગાથામાં, **જીવાદિ બાહ્ય તત્ત્વ હેય છે**. કુંદકુંદ ભગવાને હેય કહ્યું. ટીકાકાર શું કહે છે? કે **જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ પરદ્રવ્ય હોવાને લીધે ખરેખર ઉપાદેય નથી,** આહાહા! બોલો! સમ્યગ્દર્શનની પ્રાપ્તિનો નવતત્ત્વ નિમિત છે. ઉપાદાન નથી. શું

કહ્યું? '**तत्वार्थश्रद्धानं सम्यग्दर्शनम**', નવતત્ત્વનું શ્રદ્ધાન તેને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે, પણ સાત તત્ત્વ અથવા નવ પદાર્થ એ ઉપાદાન નથી, એનો આશ્રય કરવા યોગ્ય નથી. એ નિમિત્ત છે અને ત્રિકાળીસ્વભાવ ઉપાદાન છે. પર્યાય છે તે નિમિત્ત છે. નિમિત્ત એટલે સંયોગ છે, સ્વભાવ નથી.

બહિર્તત્ત્વ હોવાને કારણે એ સંયોગ છે અને અંતઃતત્ત્વ તે સ્વભાવ છે. એક સ્વભાવ છે અને એક પરભાવ છે. એક અંતઃતત્ત્વ છે અને એક બહિર્તત્ત્વ છે. એક શુદ્ધાત્મા ઉપાદેય છે અને સાત તત્ત્વોના ભેદો હેય છે, આહાહા! અંદરને અંદરમાં છે. સાત તત્ત્વ નિમિત્ત છે. નિમિત્ત એટલે પરયોગને નિમિત્ત કહેવામાં આવે છે. પરિણામનું નામ નિમિત્ત છે. દ્રવ્યનું નામ ઉપાદાન છે. અહીંયાં પર્યાયને ક્ષણિક ઉપાદાન કહેતા નથી. કેમકે એ પરદ્રવ્ય છે માટે ક્ષણિક ઉપાદાન નથી.

મુમુક્ષુઃ- બરાબર! પરદ્રવ્યને જ નિમિત્ત કહેવાય.

ઉત્તરઃ- આ તો હરખજમણ છે આજની. ગોસરભાઈ કહે એકદમ જેટલું સૂક્ષ્મ હોય ને એટલું હવે કહી દેજો. પછી ત્યારે યોગ થાય ન થાય, એ તો, આહાહા! સ્વકાળને આધીન છે. આત્માને આધીન નથી, આહાહા! રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં લખે છેઃ મળવું થાય ન થાય, એ તો .પ્રારબ્ધ આધીન છે પણ પત્ર તો લખતા રહેજો. એમ ચિઠ્ઠીમાં છે, આહાહા! એમ મળવું તો થાય કે ન થાય, પણ અહીંયાં કહે છે કે એક સ્વદ્રવ્ય અને એક પરદ્રવ્ય. પણ કોઈ જગ્યાએ એને ક્ષણિક ઉપાદાન કહ્યું છે? અહીંયાં કહે છે કે એ ક્ષણિક ઉપાદાન નથી પણ પરદ્રવ્ય છે. અને પરદ્રવ્યને નિમિત્ત કહેવાય અને સ્વદ્રવ્યને ઉપાદાન કહેવાય, આહાહા!

નવતત્ત્વ એ સંયોગ છે, માટે પરદ્રવ્ય છે. પરદ્રવ્ય છે માટે નિમિત્ત છે પણ ઉપાદાન નથી. કેમકે ક્ષણિક ઉપાદાન કહે તો જીવના પરિણામ થઈ જાય અને પરદ્રવ્ય કહે તો નિમિત થઈ જાય. આ (ક્લિપ-clip) નિમિત્ત છે, સાંભળજો! આ ઉપાદાન છે કે નિમિત્ત? દેવ, ગુરુ, શાસ્ત્ર નિમિત્ત છે કે ઉપાદાન?

મુમુક્ષુઃ-- નિમિત.

ઉત્તરઃ- તો સાત તત્ત્વોનો સમૂહ નિમિત્ત. નિમિત્ત શું કામ-કેમ કહ્યું? કે પરદ્રવ્ય છે, માટે નિમિત્ત, આહાહા! ક્ષણિક ઉપાદાન નહીં અત્યારે. અત્યારે નૈમિતિક નહીં અને ક્ષણિક ઉપાદાન પણ નહીં. પણ તે પરસ્વભાવ હોવાથી પરદ્રવ્ય છે. એક સ્વદ્રવ્ય અને એક પરદ્રવ્ય. બસ! આહાહા! બે ભાગલા થઈ ગયા? બે...(ભાગલા).. એક સ્વદ્રવ્ય અને એક પરિણામ માત્ર પરદ્રવ્ય, આહાહા!

મુમુક્ષુઃ- અધ્યાત્મની મસ્તી છે.

ઉત્તરઃ- અધ્યાત્મની મસ્તી છે.

મુમુક્ષુઃ- એક માત્ર શુદ્ધ અંતઃતત્ત્વ ઊભું રહ્યું.

ઉત્તરઃ- એક ઊભું રહ્યું, તે સ્વદ્રવ્ય છે અને એ સ્વદ્રવ્ય હોવાથી ઉપાદેય છે. પરદ્રવ્ય ઉપાદેય નથી. પરદ્રવ્યને આશ્રયે ધર્મ નહીં થાય. જેમ નિમિત્તના આશ્રયે ધર્મ ન થાય એમ સાતતત્ત્વ પરદ્રવ્ય હોવાને કારણે, એનું લક્ષ જ્યાં સુધી કરીશ ભેદનું, એ ભેદ છે એ પરદ્રવ્ય છે. ભેદ તે જીવના પરિણામ નહીં અને ક્ષણિક ઉપાદાન પણ અત્યારે નહીં, આહાહા! અત્યારે તને પરદ્રવ્ય કહે છે. આચાર્ય ભગવાનને મસ્તી ચડી ગઈ છે, આહાહા! પરદ્રવ્યને નિમિત્ત કહેવાય. પરદ્રવ્યને ઉપાદાન ન કહેવાય.

આહાહા! એ પરદ્રવ્ય શું છે, અધ્યાત્મનું? પરિણામ માત્ર પરદ્રવ્ય છે, આહાહા! કેમકે પરસ્વભાવો છે. નિમિતે જેમ પર છે એમ પરિણામ પણ પર છે. દ્રવ્યને પર્યાયો અડતી નથી, આહાહા! ઉપાદાનને નિમિત અડે નહીં. ઉપાદાન ભિન્ન ને નિમિત્ત ભિન્ન. બંને વચ્ચે અત્યંત અભાવ છે, આહાહા!

મુમુક્ષુ:- દ્રવ્યને પર્યાય ચુંબતી નથી.

ઉત્તર:- ચુંબતી નથી, સ્પર્શતી નથી, અડતી નથી, આહાહા! કેમકે પરદ્રવ્ય છે. સ્વદ્રવ્ય ને પરદ્રવ્ય અડી જાય તો સ્વદ્રવ્યનો નાશ થઈ જાય, આહાહા! **પરદ્રવ્ય છે, તેથી હેય છે** અને **અંત:તત્ત્વ,** અંદરનું તત્ત્વ, આ બધું બહિર્તત્ત્વ છે. **એવું સ્વદ્રવ્ય-આત્મા ઉપાદેય છે,** આહાહા!

એની **ટીકા:- આ હેય-ઉપાદેય**. હેય શું ને ઉપાદેય શું? ભેદજ્ઞાનની વાત ચાલે છે, આહાહા! અરે! શુભાશુભભાવ બહિર્તત્ત્વ તો હેય છે, આહાહા! પણ અહીંયાં તો કહે, સાત તત્ત્વોનો સમૂહ (હેય છે). વ્યવહાર રત્નત્રયના પરિણામ તો હેય છે પણ નિશ્ચય રત્નત્રયના પરિણામ પણ પરસ્વભાવ હોવાથી પરદ્રવ્ય છે. આહાહા! કોણ કહે સમર્થ આચાર્ય સિવાય? અને મહાવિદેહમાં જઇને સાંભળી વાણી, આવી મસ્તી ચડી ગઈ અને લખી નાખ્યા શાસ્ત્રો, ઓહોહોહો!

પ્રભુ! સાંભળ તારા ઘરની વાત છે. એક સ્વદ્રવ્ય અને એક પરદ્રવ્ય. પરદ્રવ્ય અને સ્વદ્રવ્યમાં મિલાન કરીશ માં. કે ક્યાંક અનન્ય લખ્યું છેને? એ અનન્ય લખ્યું છે એ વ્યવહાર છે. અન્ય લખ્યું છે એ નિશ્ચય છે.

**આ**, એટલે આ ગાથામાં હેય શું અને ઉપાદેય શું? અથવા હેયનો other word,....., **હેય**નો બીજો શબ્દ, **ત્યાગ**. અને **ઉપાદેય**નો બીજો શબ્દ, **ગ્રહણ**. ત્યાજ્ય શું છે અને ગ્રાહ્ય શું છે? ગ્રહણ કરવા યોગ્ય શું છે આત્માપણે? આત્માપણે કોને માનવો? આહાહા! અને કોણ આત્મા નથી? આત્મા નથી માટે એનું લક્ષ છોડી દેવું. આત્મબુધ્દ્ધિ છોડી દેવી, આહાહા! **ગ્રહણ-ત્યાગના સ્વરૂપનું કથન છે**. **જે કોઈ વિભાવગુણપર્યાયો છે,** વિશેષ ગુણ નામ પર્યાયો છે, આહાહા!

દ્રવ્યપર્યાય ન લેતાં ગુણ પર્યાયો લીધી. કેમકે ચાર ભાવ છેને, એ ગુણ પર્યાય છે, વ્યંજનપર્યાય નથી. દ્રવ્યને વ્યંજનપર્યાય કહેવાય. વ્યંજનપર્યાય બંધ મોક્ષનું કારણ નથી. અને ગુણપર્યાય છે, ચારે અર્થપર્યાય છે, આહાહા! ઉદય-ઉપશમ-ક્ષય ને ક્ષયોપશમ. વિભાવ એટલા માટે કે વિશેષ છે, આહાહા! વિભાવ એટલે વિકાર ન લેવો, વિશેષ. વિશેષ એટલે ચારે ભાવ એમાં, ક્ષાયિક ભાવ પણ એમાં આવી જાય. **જે કોઈ વિભાવગુણપર્યાયો છે,** છે ખરા પણ સ્વદ્રવ્યપણે છે કે પરદ્રવ્યપણે?

મુમુક્ષુ:- પરદ્રવ્યપણે.

ઉત્તર:- આહાહા! આ સમ્યક્દર્શન! પ્રગટ કરવું છે એનું શું કરવું? રહેવા દે. પરદ્રવ્યને પ્રગટ કરવાની ભાવના ન હોય, આહાહા! ધ્યાન ધ્યેય બની જશે અને ધ્યેય રહી જશે. કહે છે કે એક શુધ્ધાત્મા દેખાય છે, બીજું કાંઇ દેખાતું નથી. અમને તો.

**વિભાવગુણપર્યાયો છે તેવો પૂર્વે (૪૯મી ગાથામાં) વ્યવહારનયના કથન દ્વારા ઉપાદેયપણે કહેવામાં આવ્યા હતા,** જાણવા માટે, **કહેવામાં આવ્યા હતા**. જાણવા યોગ્ય છે. અહીંયાં કહે છે કે પરદ્રવ્ય જાણવા યોગ્ય પણ નથી, આહાહા!. આશ્રય કરવા યોગ્ય તો નથી પણ જાણવા યોગ્ય પણ નથી. એને જાણવા જાઈશ તો આત્મા નહીં જણાય. જાણવાની વાત તો ૪૯ માં

કરી હતી. **ઉપાદેયપણે,** એટલે જાણવા માટે કહ્યું હતું. **પરંતુ શુદ્ધનિશ્ચયનયના બળે (શુદ્ધનિશ્ચનયે) તેઓ હેય છે**. જાણવાલાયક પણ નથી. જાણવાલાયક તો સ્વદ્રવ્ય છે, આહાહા!

એક જ્ઞાનાનંદ પરમાત્મા! પોતાનો આત્મા એ જ્ઞાનમાં જ્ઞેય, ધ્યાનમાં ધ્યેય, આહાહા! અને આચરણમાં એ આચરણ એક જ આત્માનું છે, બીજું કાંઇ છે નહીં. **તેઓ હેય છે**. **શુદ્ધનિશ્ચયનયના બળે,** આ ખાસ વાત છે. શું કહ્યું? કે આ સાત તત્ત્વના જે ભેદો છે, એ પરભાવ છે અને પરદ્રવ્ય છે. એ આ હેય છે, આ હેય છે, આ હેય છે, આ હેય છે, એમ હેય ન થાય. લક્ષ ત્યાં રહેશે? **પણ શુદ્ધનિશ્ચયનયના બળે** એટલે ઉપયોગ ત્યાંથી ફરી જાય છે. ભેદ ઉપરથી હટી જાય છે અને જ્યાં અભેદ ઉપર ઉપયોગ આવ્યો, ત્યાં જ્ઞેયનું લક્ષ છૂટી ગયું એને હેય થયું કહેવામાં આવે છે. એ જ્ઞેય છે ત્યાંસુધી ઉપાદેય છે. આત્મા જ્ઞેય થાય અને એ  જ્ઞેય ન થાય, એનું નામ હેય છે. ફરીને, શું કહ્યું?

**શુદ્ધનિશ્ચયનયના બળે** એમ, એવો પાઠ છે, આહાહા! નિશ્ચયનયના આશ્રયે વ્યવહારનયનો નિષેધ થઈ શકે છે. અધ્ધરથી વ્યવહારનયના લક્ષે વ્યવહારનયનો નિષેધ ન થાય. ગ્રહણપૂર્વક ત્યાગ છે. એ સમજાવે છે. **પરંતુ શુદ્ધનિશ્ચયનયના બળે** એટલે અંતર્મુખ ઉપયોગ ગયો અને શુદ્ધાત્મા ઉપાદેયપણે દ્રષ્ટિમાં અનુભવમાં આવ્યો, ત્યારે જ્ઞાયક તે હું છું એમ જ્યાં અનુભવ થયો, ત્યાં પર્યાયના ભેદોનું લક્ષ છૂટી ગયું. એનું જાણવું છૂટી ગયું. પર્યાયાર્થિકચક્ષુ સર્વથા બંધ થઈ ગયા ને દ્રવ્યાયાર્થિક ચક્ષુ ઉઘડી ગયા, ત્યારે અભેદ દેખાય છે ભેદ દેખાતો નથી. અભેદમાં ભેદ અવિધમાન છે, આહાહા! અભેદમાં પર્યાયના ભેદો દેખાતા નથી અને ગુણભેદ પણ દેખાતા નથી, આહાહા! એકલો અભેદ સામાન્ય-સામાન્યને અવલોકતો અને વિશેષને નહીં અવલોકતો, આહાહા!

આ ધ્યાનના કાળે આત્મા ઉપાદેય થાય છે. ધ્યાનમાં આત્મા ધ્યેય થાય છે, આહાહા! ધ્યાનમાં ધ્યેય થાય છે ત્યારે પર્યાય હેય થઈ જાય છે. પર્યાય જ્ઞેયપણે રહેતી નથી. પર્યાય જો જ્ઞેયપણે રહે તો હેય ન થાય, ઉપાદેય થઈ જાય. આ તો પર્યાયની આંખ ઉઘાડી રાખી. રાગ છોડવા યોગ છે, આ રાગ છોડવા યોગ છે. આ રાગ (છોડવા યોગ છે), એમ નથી. રાગ જણાતો જ નથી એમાં અંદરમાં જતાં, આહાહા!

**શુદ્ધનિશ્ચયનયના બળે**, અંતર અનુભવના બળે, અનુભવના બળે હેય છે, આહાહા! **શા કારણથી** હેય છે? એ હેય કેમ છે? એનું કારણ બતાવે છે. **કારણ કે તેઓ** - હેય છે એનું કારણ બતાવો. હેય શા માટે? અમે તો એને આત્મા કહીએ છીએ. સ્વદ્રવ્ય કહીએ છીએ, આહાહા! હેય શા માટે? **કારણ કે તેઓ પરસ્વભાવો છે**. એ ચારમાં ક્યાંય પારિણામિક ભાવ લક્ષણ નથી, આહાહા! લક્ષણ ભેદે મોટો ભેદ, આહાહા! ભાવ ભેદે-ભેદ, પ્રદેશ ભેદે-ભેદ, લક્ષણ ભેદે-ભેદ, એ ચાર ભાવના પ્રદેશ ભિન્ન છે, આહાહા!

એલા! પણ રાગના પ્રદેશ તો ભિન્ન, શુદ્ધ પર્યાયના પ્રદેશ ભિન્ન, કેમકે પરદ્રવ્ય છે. સ્વદ્રવ્ય અને પરદ્રવ્ય એક પ્રદેશી ન હોય. સ્વદ્રવ્ય, એનું દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ ભિન્ન અને પરદ્રવ્ય ક્ષેત્ર, કાળ, ભાવ ભિન્ન. બેય ભિન્ન છે. અધ્યાત્મની પરાકાષ્ઠા છે આ. આહાહા! આત્મા પોતે અભેદ અનંત ગુણનો પિંડ તે સ્વદ્રવ્ય છે. અસંખ્યાત પ્રદેશી અભેદ એક પ્રદેશ તે સ્વક્ષેત્ર છે. એ સ્વકાળ એટલે એની અવસ્થિત સ્થિતિ છે, એ સ્વકાળ. અને ભાવ એટલે શક્તિ, આહાહા! એને સ્વભાવ કહેવામાં

આવે છે. એ સ્વદ્રવ્ય છે. એ સ્વદ્રવ્યના ચાર ભેદ પણ નથી. પરદ્રવ્ય તો નથી પણ સ્વદ્રવ્યના ચાર ભેદ તો સમજાવવા માટે શિષ્યોને કહ્યા.

પણ આત્મા પોતે સ્વદ્રવ્ય, આત્મા પોતે સ્વક્ષેત્ર, આત્મા પોતે સ્વકાળ અને આત્મા પોતે સ્વભાવ. એમાં ભેદ-બેદ છે નહીં અને સામે બીજી પર્યાયો છે, એ પરદ્રવ્ય છે. પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાળ અને પરભાવ. પરદ્રવ્ય અને પરભાવ તો ચોખ્ખું આમાં છે. પરદ્રવ્ય છે અને પરભાવ છે, એતો (ચોખ્ખું) આમાં લખેલું છે. જો પરદ્રવ્ય અને પરભાવ હોય તો એનું ક્ષેત્ર પણ ભિન્ન અને કાળ પણ ભિન્ન હોય. આ હરખજમણ ચાલે છે. ભેદજ્ઞાનની પરાકાષ્ઠા છે. ભલે ચાર દિ' માટે આવ્યા હોય પણ એક દિ' માં ચાર દિ'નો માલ મળી જાય, એવું છે. પ્રફુલ્લાબેન!

અરે પ્રભુ! એક વાર વાત તો સાંભળ. આ ભેદજ્ઞાનની વાત તો સાંભળ. તારા મકાન અને બાયડી, છોકરા અને કુટુંબ અને પૈસો ટકો તો, આહાહા! એને તો અમે પરદ્રવ્યમાં કહેતા નથી કેમકે એ હેય તત્ત્વ નથી. એ તો પૃથ્થક તત્ત્વ હોવાથી, આહાહા! એ તો શું કહીએ? એ વ્યવહાર જ્ઞેય કહીએ તો કહીએ, બાકી તો કાંઇ (નથી). આહાહા! અહીંયાં તો દ્રવ્ય અને પર્યાય વચ્ચેના ભેદજ્ઞાનની વાત ચાલે છે.

દ્રવ્ય તે સ્વદ્રવ્ય, સામાન્ય તે સ્વદ્રવ્ય અને વિભાવ-વિશેષ પર્યાયો, એ બધા પરભાવો હોવાથી પરદ્રવ્ય છે. પરદ્રવ્યનું કારણ આપ્યું કે પરભાવ હોવાથી પરદ્રવ્ય. કેમકે કોઈ તો ઉદયભાવે, કોઇ ઉપશમભાવે, કોઇ ક્ષયોપશમ અને કોઇ ક્ષાયિકભાવ, આત્માની સાથે લક્ષણ મળતું નથી. **તેઓ પરસ્વભાવો છે, અને તેથી જ,** જ કહ્યું છે હોં! કારણ આપીને પરદ્રવ્ય સિદ્ધ કર્યું. પરદ્રવ્ય છે, એમ નહીં. પરદ્રવ્ય છે, એમ નહીં. પરદ્રવ્ય કેમ? કે પરસ્વભાવો છે, આહાહા! એ આત્માના સ્વભાવ નથી. એ આત્માનો વિભાવ છે.

સમ્યગ્દર્શન છેને? એ આત્માનો વિભાવ છે. હેં? અને વિભાવ હોવાથી તે પરદ્રવ્ય છે. આહાહા! ક્યાં લઈ જવા છે, પ્રભુ! આત્મામાં લઈ જવા છે, ભાઈ! તારું સ્વરૂપ આવું છે, બાપુ! આહાહા! પર્યાયનું લક્ષ છોડી દે. પર્યાય પ્રગટ કરવી છે, મારે. નહીં થાય. પર્યાય પ્રગટ કરવી છે એટલે પરદ્રવ્યનો કર્તા બની ગયો. સમ્યગ્દર્શનનો કર્તા તે પરદ્રવ્યનો કર્તા છે. લોકાલોકનો કર્તા, સમ્યગ્દર્શનનો કર્તા, આત્મા છે નહીં, અકર્તા છે. આહાહા! એને જાણનાર કહેવું એ પણ વ્યવહાર છે. આહાહા! અકારક અને અવેદક આત્મા છે. બંધ અને મોક્ષનો કરનાર નથી, પ્રભુ! સાંભળ વાત તારી, આહાહા!

મોટા ઘરના કહેણ આવ્યા છે, આહાહા! ના પાડીશ માં! ગુરુદેવ કહેતા હતા, મોટા ઘરના કહેણ આવ્યા છે. કન્યા લઈને આવ્યા છે, મોટા ઘરની તારે ઘરે દેવા માટે. ના પાડીશ માં, આહાહા! એમ કુંદકુંદભગવાન કહે છે (કે) સ્વદ્રવ્ય અને પરદ્રવ્યની વહેંચણી અમે કરીએ છીએ. અત્યારે ના પાડીશ માં. એ કથંચિત્ તો જીવના પરિણામ છે કે નહીં? (નથી.) કેમ કે પરદ્રવ્યમાં કથંચિત્ લાગુ પડતું નથી. સર્વથા ભિન્ન છે. ધીમે-ધીમે બધી વાત (આવે છે). ધીમે-ધીમે બધી વાત આવે, આહાહા! પર્યાય જો કહીએ તો કથંચિત્ ભિન્ન-અભિન્ન તને ભાસે. પણ અમે તો એને પર્યાય કહેતા નથી. અમે પરદ્રવ્ય કહીએ છીએ. આની (ક્લિપની) સાથે આત્માને કથંચિત્ ભિન્ન-અભિન્નપણું લાગુ પડતું

નથી, એ સર્વથા ભિન્ન છે.

એવી રીતે, પર્યાય માત્ર પરદ્રવ્ય હોવાને કારણે, સર્વથા ભિન્ન છે, અત્યંત ભિન્ન છે, (એવું માનશે) ત્યારે દ્રષ્ટિ પ્રાપ્ત થશે. અને દ્રષ્ટિ પ્રાપ્ત થયા પછી તે સંવર, નિર્જરા, મોક્ષના પરિણામ કથંચિત્ ભિન્ન-અભિન્ન એવું જ્ઞાન તને થઈ જશે. આહાહા! એવું જ્ઞાન થયા વિના પણ રહેશે નહીં. પણ... એવું જ્ઞાન થાય તો પણ એ જ્ઞેય છે. એ જ્ઞેયનો મહિમા અને અધિકતા મને આવશે નહીં, આહાહા!

ફરીથી-ફરીથી. કે સ્વદ્રવ્ય અને પરદ્રવ્યની વહેંચણી જ્યાં કરી, પરિણામ માત્રથી લક્ષ છૂટી ગયું અને ભગવાન આત્મામાં લક્ષ આવ્યું. દ્રષ્ટિ અભેદમાં ગઈ, અનુભૂતિ થઈ, એ અનુભૂતિ થવાના કાળે, અનુભૂતિ કેમ થઈ? કે (પરિણામ માત્ર) પરદ્રવ્ય છે એમ માનવાથી, અનુભૂતિ થઈ. એ પરદ્રવ્ય છે એમ માનવાથી અનુભૂતિ જ્યાં થઈ, ત્યાં અનુભૂતિથી આત્મા અનન્ય, ક્ષણિક અભેદપણે, અનુભવમાં આવ્યો ત્યારે જ્ઞાન પ્રગટ થયું. દ્રષ્ટિની સાથે જ્ઞાન. એ જ્ઞાન એમ જાણે છે કે અતીન્દ્રિય આનંદની પર્યાયથી મારો આત્મા સહિત છે. પણ સહિત ઉપર વજન નથી, રહિતનું વજન અને સહિતનું હળવેથી જ્ઞાન કરજે. એના ઉપર વજન આપીશ નહીં.,આહાહા! હળવેકથી, વજન આપીશ નહીં. અભેદ કથંચિત્ છે, આહાહા!

સર્વથા ભિન્ન છે એના ઉપર વજન આપ. પછી અભેદ-હળવેકથી જોઈ લેજે, જાણી લેજે. કથંચિત્ અભિન્ન છે, દ્રવ્યથી. કોઈ સાંભળે નહીં એમ બોલજે. અને સર્વથા અભિન્ન, બધા સાંભળે એ રીતે દાંડી પીટીને કહેજે. સ્વદ્રવ્ય-પરદ્રવ્યની ભિન્નતા છે.

મુમુક્ષુ:- ફરીથી, સ્વતંત્રતાનો ઢંઢેરો. એ જ મકમતાથી.

ઉત્તર:- શું કહ્યું? કે જ્યારે સ્વદ્રવ્ય અને પરદ્રવ્યનો વિભાગ ખ્યાલમાં આવ્યો, દ્રષ્ટિ જીવમાં જાય છે, અનુભૂતિ થાય છે ત્યારે એ અનુભૂતિથી આત્મા અનન્ય (છે) એવું જ્ઞાન થાય છે. એવું શ્રધ્ધાન થતું નથી પણ એવું જ્ઞાન થાય છે. એ જ્ઞાનનું નામ વ્યવહાર છે. એ જ્ઞાનનું નામ નિશ્ચય નથી. અન્ય છે તે નિશ્ચય છે, અને અનન્યનું જ્ઞાન તે વ્યવહાર છે. એ વ્યવહારને ,આહાહા! હળવેકથી સહિત છે એમ જાણજે અને જોરથી રહિત છે, એમ માનજે.

માનવામાં જોર કરજે પણ સહિતને જાણવામાં તું એનું જોર આપીશ નહીં, કેમકે અનંતગુણથી જે આત્મા સ્વદ્રવ્ય અભેદ છે. આહાહા! એમાં એ પર્યાય અભેદ થાય છે ક્ષણિક પણ એ ક્ષણિક અભેદ છે. એ અનિત્ય તાદાત્મ્ય છે, નિત્ય તાદાત્મ્ય નથી. કેમકે પર્યાય પલટે છે, આહાહા! પલટતી જ્ઞાનને જાણનારું જ્ઞાન પલટે છે પણ દ્રષ્ટિ પલટતી નથી. કેમકે (મોટેથી) સર્વથા ભિન્ન, સર્વથા ભિન્ન, સર્વથા ભિન્ન, સર્વથા ભિન્ન, સર્વથા ભિન્ન, (શાંતિથી) કથંચિત્ અભિન્ન, કથંચિત્ અભિન્ન, કથંચિત્ અભિન્ન, કથંચિત્ અભિન્ન કેમકે પર્યાય પલટે છે પણ દ્રષ્ટિ પલટતી નથી. કેમકે દ્રષ્ટિ તો સર્વથા ભિન્નમાં ગઈ છે, સૂક્ષ્મ વાત છે આ. આહાહા!

મુમુક્ષુ:- એકદમ બરાબર છે. દ્રષ્ટિના વિષયનું જોર છે, એકમાં.

મુમુક્ષુ:- બંને પડખાનું?

ઉત્તર:- બંને પડખાનું તું જેમ છે એમ જાણવું જોઈએ. હા! સમ્યક્જ્ઞાનમાં જેમ છે તેમ, રહિતનું શ્રધ્ધાન અને સહિતનું જ્ઞાન. રહિતનું શ્રધ્ધાન તે નિશ્ચય અને સહિતનું જ્ઞાન તે વ્યવહાર. અને

વ્યવહાર અભૂતાર્થ અને અસત્યાર્થ જાણજે, આશ્રય કરવા યોગ્ય નથી. આહાહા! એ જ્ઞેય થયું તે આશ્રય કરવા યોગ્ય નથી. ધ્યેયનો આશ્રય અને જ્ઞેયનું જ્ઞાન. ધ્યેયનું ધ્યાન અને જ્ઞેયનું જ્ઞાન. સમય એક. આહાહા!

મુમુક્ષુ:- આચાર્ય ભગવાન સુપ્રિમ કોર્ટના જજની જેમ ખુરશી પર બેઠા છે.

મુમુક્ષુ:- ન્યાય આપ્યો સાચો. સ્વદ્રવ્ય-પરદ્રવ્યનો ફેંસલો ચાલે છે.

ઉત્તર:- ભાઈને ભાવ આવ્યો તે બરોબર છે.

મુમુક્ષુ:- એકદમ ન્યાયવાળો ભાવ આવ્યો.

ઉત્તર:-એકદમ! ન્યાયથી વાત ચાલે છેને? હેં! વીતરાગી ગાદી છે ને આતો. સામું શાસ્ત્ર છેને? પરદ્રવ્ય કહ્યું છે ને? તો પરદ્રવ્યની વ્યાખ્યા થઈને આપણી. આહાહા! આમાં લખેલું છેને? સંસ્કૃતમાં છે, સંસ્કૃતમાં છે, પરદ્રવ્ય હોં! છે જુવો જોઈએ? લખેલું છે ક્યાંય?

મુમુક્ષુ:- **परस्वभावत्वात्, अत एवं परद्रव्यं भवति ।**

ઉત્તર:- **परस्वभावत्वात्, अत एवं परद्रव्यं भवति ।** બીજી લીટી છે. સંસ્કૃતની.

મુમુક્ષુ:- આ કઈ ગાથા?

ઉત્તર:- ૫૦ નંબરની ગાથા.

મુમુક્ષુ:- નિયમસાર ૫૦ નંબરની.

ઉત્તર: નિયમસાર, શુદ્ધભાવ અધિકાર, ગાથા નંબર ૫૦. એમાં સાતે પર્યાયને પરભાવ હોવાથી પરદ્રવ્ય કહ્યું છે, આહાહા! અને અંત:તત્ત્વ એક શુદ્ધાત્મા સ્વદ્રવ્ય છે. અને પરદ્રવ્ય હોવાથી કથંચિત્ ભિન્ન-અભિન્ન શ્રદ્ધામાં હોતું નથી. આહાહા! સ્વદ્રવ્યને, પરદ્રવ્યને કથંચિત્ ભિન્ન-અભિન્ન લાગુ પડે નહીં, ભિન્ન જ છે. પણ એની સાથે એક જ્ઞાન પ્રગટ થાય છે, શ્રુતજ્ઞાન. એનો એક અંશ વ્યવહાર છે, એ જાણે છે કે આનંદની પર્યાયથી, સમ્યગ્દર્શનની પર્યાયથી, આત્મા સહિત છે એમ જાણે છે. પણ એ જાણવું પલટે છે કેમકે પર્યાય વૃદ્ધિગત થઈને પલટે છે પણ રહિત છે એનું પલટવું નથી.

શ્રદ્ધાને પલટવાનું પ્રશ્ન નથી. રહિત છે-રહિત છે-રહિત છે, એમ જ આવ્યા કરે. ને ઓમાં (જ્ઞાનમાં) સહિત છે, સહિત છે (એમ આવે છે). પહેલા ૩૦ ડિગ્રીથી સહિત, પછી ૩૧ ડિગ્રીથી સહિત. શુદ્ધિ-શુદ્ધિની વૃદ્ધિ. શુદ્ધિની વૃદ્ધિ વધે છે અને વધતી દશાથી સહિત છે. એટલે પર્યાય વધે છે અને વધતી દશાથી સહિત-સહિત-સહિત-સહિત, તો સહિતનો વિષય ફરે છે અને રહિતનો વિષય ફરતો નથી. ખ્યાલ આવ્યો? અનુભવ થયો, નિર્જરા થાય છેને, શુદ્ધિની વૃદ્ધિ? તો શુદ્ધિની વૃદ્ધિ જે થાય છે, આનંદની વૃદ્ધિ એ પર્યાયથી અનન્ય, સહિત, એમ જ્ઞાન જાણે છે. પણ એ જ્ઞાન, વ્યવહાર જ્ઞાનનો વિષય ફરે છે. નિશ્ચય જ્ઞાનનો અને શ્રદ્ધાનો વિષય ફરતો નથી. ન ફરે તે હું છું. ફરે તે હું નથી. જાણવા માટે છે, આહાહા!

ગોસરભાઈ! આ દોઢસો નંબરનું સૂતર ગંથાય છે અટાણે, ૧૨૦ નંબરનું નહીં, આહાહા! કહ્યું હતું, કે બદામનો મેસુબ છે. આ શારદાબેનનો ચણાના લોટનો મેસુબ નથી. ગુરુદેવ કહેતા હતા કે એક શેર લોટમાં બે શેર ઘી, ચણાના લોટમના મેસુબમાં. અને સક્કરપારા થાય છે, એક શેર લોટમાં

ચાર શેર ઘી સમાઈ જાય છે. એ કહેતા હતા. એમણે અનુભવ કર્યો હશે. સક્કરપારા થાય છે. બોલો! એણે તો ઘણું જોયું છે ને, આહાહા!

અહીંયા તો કહે છે પ્રભુ! એક વાર વાત સંભાળ! તારા શુદ્ધાત્માની વાત તે સાંભળી નથી. પર્યાય મારી છે-મારી છે-મારી છે, એમ મમતા છૂટતી નહોતી. મમતા છૂટતી નહોતી, એમ્ કુંદકુંદભગવાનને ખબર પડી. પરદ્રવ્ય છે, જા! પરદ્રવ્ય! મમતા છૂટી ગઈ. મમતા છૂટી ગઈ. આ આશિષ મારો, અરે! એ તો ક્યાંય નો ક્યાંય ગયો, પણ પર્યાય મારી! પર્યાય જીવની કે પરદ્રવ્ય છે? જીવને પરિણામ જ ન હોય, લે! હવે તો મમતા છોડ! આહાહા! પરિણામ પરદ્રવ્ય છે. મમતા કરીશ માં, આહાહા!

અદ્ભુત ગાથા છે. અદ્ભુત ગાથા છે. ચમત્કારિક ગાથા છે, આહાહા! ૩૮ ગાથા અને આ એક ૫૦ ગાથા અને એક પરમાર્થ પ્રતિક્રમણની પાંચ ગાથા, રતન! આહાહા! ટોંચ છે નિયમસારનો, આહાહા! બે ને પાંચ, સાત ગાથા! સપ્તમ ગુણસ્થાન આવી જાય, આહાહા! **તેઓ પરસ્વભાવો છે**. ન્યાય આપ્યો, કે પરદ્રવ્ય કેમ છે? પોતે ન્યાય આપ્યો કે પરસ્વભાવ છે માટે અમે એને પરદ્રવ્ય કહીએ છીએ. હવે આગળ.

**સર્વવિભાવગુણપર્યાયોથી રહિત**, આહાહા! પહેલી લીટીમાં વિભાવગુણપર્યાયો લીધા હતાને, એને પાછું યાદ કરે છે. **સર્વવિભાવગુણપર્યાયોથી રહિત**, આહાહા! રહિત ને સહિત. આહાહા! રહિત કાયમી ચીજ છે અને સહિત ફરતી વાત છે. સહિત ફરે પણ રહિત ફરે નહીં, આહાહા! સહિતમાં ફરે છે. શુદ્ધિની વૃદ્ધિ થતી જાય છેને? પહેલા સમયે સહિત બીજા સમયે સહિત, સહિત, સહિત, એ વ્યવહારનો વિષય ફરે છે. અર્થાત્ સાધકને વ્યવહાર જ્ઞાન જે પ્રગટ થાય છે એનો વિષય ફરતો છે. અને સાધકને જે નિશ્ચયનય પ્રગટ થઈ છે એનો વિષય ફરતો નથી. કેમકે એનો વિષય તો સામાન્ય, સામાન્ય, જ્ઞાયક ચિદાનંદ આત્મા એક છે, આહાહા! એમાં કાંઇ વધઘટ થતી નથી.

વ્યવહારનયના વિષયમાં ઘટતું નથી પણ વધે છે. પણ વધતી દશાને જાણનાર, જ્ઞાનને એ વધતી દશા વધે છે એને ફેરવતા-ફેરવતા, ફેરવવું પડે છે જ્ઞાનને, આહાહા! કે ચાલીસ ડિગ્રી થઈ તો બીજા સમયે ચાલીસ ડિગ્રી, એમ નથી, તો એ નિશ્ચય થઈ જાય છે. પણ પર્યાય ફરે છે અને જ્ઞાન પણ ફરે છે, માટે વ્યવહાર છે. વ્યવહારનય ફરતી વાત કરે છે, નિશ્ચયનય ફરતું નથી. અંદરની વાત છે બધી, હાં! બધી! શુદ્ધિ વૃદ્ધિ થાય છેને સાધકને? એટલે પર્યાય વૃદ્ધિગત થઈને અભેદ થાય છે તો એને જાણનારું જ્ઞાન પણ ફરે છે, આહાહા. એ જ્ઞાનનો વિષય એક નથી રહેતો. જો એ વ્યવહારનયનો વિષય એક રાખે તો સાધક સિદ્ધ ન થાય. બીજું પડખું, વૃદ્ધિગત થાય છે અને વધતી દશાને જ્ઞાન જાણે છે. એ જ્ઞાનનું નામ વ્યવહાર છે. ભેદને જાણે તે વ્યવહાર અને અભેદને જાણે તે નિશ્ચય, આહાહા! માલ ભર્યો છે, આમાં તો. ૧:૦૨:૧૫ STOP

મુમુક્ષુ:- આપે કહ્યું તું પરદ્રવ્ય ફરે છે. સ્વદ્રવ્ય ફરતો નથી.

ઉત્તર:- ફરે નહીં. પરદ્રવ્ય ફરે. અને એને જાણનારું જ્ઞાન પણ ફરે. પણ સ્વદ્રવ્યને જાણનારું જ્ઞાન ફરે નહીં કેમ કે સ્વદ્રવ્ય ફરતું નથી. સ્વદ્રવ્ય ફરે તો એને જાણનારું જ્ઞાન ફરે. સ્વદ્રવ્ય તો

એકરૂપ છે અનાદિ અનંત. તો એને જાણનારું જ્ઞાન પણ ફરતું નથી, આહાહા!. કોઈ ગાથા છે આ તો! અદ્દભુત ગાથા છે! બહુ ઊંડાણ છે, બહુ, આહાહા! આપણે તો શક્તિ નથી આમાં, એટલો, ભાવો બ્રહ્માંડના ભર્યા છે. આપણે તો શક્તિ અનુસાર, આહાહા! પ્રભુ! અમારી શક્તિ અનુસાર સ્વાધ્યાય કરીએ છીએ. આપે તો આમાં લખ્યું છે, ભાવો બ્રહ્માંડના ભર્યા છે, આહાહા!

**તેઓ પરસ્વભાવો છે, અને તેથી જ પરદ્રવ્ય છે. સર્વ વિભાવગુણપર્યાયોથી રહિત**, સર્વ લઈ લીધું. વિભાવગુણપર્યાયથી, ચારે પર્યાયથી, કોઈ પણ પર્યાય બાકી નહીં. બધી પર્યાયો. પરિણામ માત્રથી રહિત. બંધ-મોક્ષથી રહિત, નવતત્ત્વથી રહિત, પ્રમત્ત-અપ્રમત્તથી રહિત, ચૌદ ગુણસ્થાનથી રહિત. **શુદ્ધ-અંતઃતત્ત્વરૂપં સ્વદ્રવ્ય ઉપાદેય છે,** આહાહા! એ ઓલું પરદ્રવ્ય છે, હવે સ્વદ્રવ્ય, સ્વદ્રવ્ય શું? કે **શુદ્ધ-અંતઃતત્ત્વ સ્વરૂપ સ્વદ્રવ્ય ઉપાદેય છે.** હવે, એ સ્વદ્રવ્ય શું છે? પરદ્રવ્યની વ્યાખ્યા થઈ ગઈ. હવે સ્વદ્રવ્ય શું છે? પરદ્રવ્યમાં શું છે અને સ્વદ્રવ્યમાં શું છે? બેય બતાવવું જોઈએને?

પરદ્રવ્ય એટલે પર્યાય માત્ર પરદ્રવ્ય. અને સ્વદ્રવ્ય કોણ? અને સ્વદ્રવ્યમાં શું? ઓમાં સાત તત્ત્વ લીધા. આમાં શું લેશો? સાંભળ! ટુંકાણમાં કહી દઈએ. વિસ્તારથી કાલ. કેમકે ભાઈ કાલ જાવાના છે, એટલે ટૂંકામાં કહી દઈએ. ભલે પાંચ મિનિટ મોડું થાય. **ખરેખર**! શું કહ્યું? આ શુદ્ધ-**અંતઃતત્ત્વ સ્વરૂપ સ્વદ્રવ્ય ઉપાદેય છે.** હવે હેયની વાત પૂરી થઈ ગઈ. હવે ઉપાદેયની વાત સમજાવે છે. આત્માની વાત. **ખરેખર સહજજ્ઞાન-સહજદર્શન-સહજચારિત્ર-સહજપરમ વીતરાગ-સુખાત્મક શુદ્ધઅંતઃતત્ત્વસ્વરૂપ આ સ્વદ્રવ્યનો આધાર,** એટલે આ ગુણોનો આધાર.

**સહજજ્ઞાન** એ ગુણ, **સહજદર્શન** એ ગુણ, **સહજચારિત્ર** એ ત્રિકાળી ગુણ, **સહજપરમવીતરાગ** એ સુખ ગુણ, એવું **શુદ્ધઅંતઃતત્ત્વસ્વરૂપ આ સ્વદ્રવ્યનો** એટલે આ સ્વગુણોનો **આધાર,** આહાહા! ગુણોનો આધાર ગુણી છે-ગુણોનો આધાર ગુણી છે. એ આધાર **સહજપરમપારિણામિકભાવલક્ષણ (–સહજ પરમ પારિણામિક ભાવ જેનું લક્ષણ છે એવો) કારણસમયસાર છે.** આ ગુણીને આધારે ગુણ છે. પર્યાયને આધારે, આહાહા! ગુણો નથી. આ જે ગુણો છે એને આધાર હોય તો **પરમપારિણામિકભાવલક્ષણ કારણસમયસાર છે.**

સોનું સોનાને આધારે પર્યાય તો નથી કેમકે પર્યાય તો પરદ્રવ્ય છે. પણ સોનું કેવું? સોનું કેવું? કે જેમાં ચીકાશ, ભારેપણું, એ જેમાં હોય એ ગુણો છે, એ ગુણોનો આધાર પર્યાય છે કે સોની છે? કે નહીં. ગુણો ગુણને ગુણીને આધારે હોય. ગુણ ગુણીને આધારે હોય. મીઠાશ, ગળપણ, એ બધું ગોળને આધારે છે. એમ ગુણોને આધાર રૂપ પરમપારિણામિક જેનો સ્વભાવ છે એવો કારણ પરમાત્મા, એને આધારે ગુણો છે. તેને સ્વદ્રવ્ય કહેવામાં આવે છે અને એ ઉપાદેય છે.

ૐ